| PUBLICATION NAME : | Divya Bhaskar (City Bhaskar) |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 29/02/24 |
| PAGE : | 4 |


# રાજ્યના ગ્રામીણ અર્થતંત્રને જરૂરી વેગ પૂરો પાડવા માટે કાર્યરત "હસ્તકલા સેતુ યોજના"

સચિવ અને કમિશનરની કચેરી, કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગ, ગુજરાત સરકારશ્રી દ્વારા અમલમાં મૂકવામાં આવેલ "હસ્તકલા સેતુ યોજના" હેઠળ હાથશાળ, હસ્તકલા અને ગ્રામોદ્યોગના કારીગરોની સંખ્યામાં વધારો થાય અને તેમજ તેમનો સર્વાંગી વિકાસ કરી આર્થિક રીતે પગભર બની આત્મનિર્ભર કરવા માટેના ઉદ્દેશ્યથી ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થા" (ઈ.ડી.આઈ.આઈ) દ્વારા "હસ્તકલા સેતુ યોજના"નું અમલીકરણ સમગ્ર રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓમાં કરવામાં આવી રહ્યું છે.

"હસ્તકલા સેતુ યોજના" દ્વારા 1થી 3 માર્ચ સુધી રાજપથ ક્લબ ખાતે ગુજરાતની વિવિધ હાથશાળ અને હસ્તકલાની વિવિધ પ્રોડક્ટનું પ્રદર્શન સહ વેચાણ કારીગરો દ્વારા કરવામાં આવશે. B2B MEET, કારીગર હસ્તકલા અને ઉચ્ચ ફેશનને એકીકૃત કરતી અદ્ભુત મેગા ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કલાત્મકતા અને હેરિટેજ પ્રદર્શનું ઉદ્ઘાટન કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત દ્વારા કરવામાં આવશે.







**B2B MEET :** નેટવર્કિંગ અને સહયોગ હબ 1લી માર્ચના રોજ સાંજે 4 કલાકે યોજાશે. જે વ્યવસાયોને નેટવર્ક, સહયોગ અને નવી ભાગીદારી બનાવવા માટે એક વિશિષ્ટ પ્લેટફોર્મ પ્રદાન કરશે. 3 દિવસ અહીં ક્રાફ્ટ લાઈવ ડેમોન્સ્ટ્રેશન પણ યોજાશે જેમાં કલમકારી (માતાની પછેડી), પટોળા વણાટકામ, માટીકામ તેમજ વારલી પેઈન્ટિંગ ક્રાફ્ટસના લાઈવ ડેમોન્સ્ટ્રેશન કરવામાં આવશે.

કારીગરોના ઉત્પાદનોનું બ્રાન્ડિંગ અને માર્કેટિંગના ઉદ્દેશ્યથી 3જી માર્ચના રોજ સાંજે 7 કલાકથી ફેશન શોનું પણ અહીં આયોજન કરવામાં આવ્યું છે. જેનું ઉદ્ઘાટન મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા દ્વારા કરવામાં આવનાર છે.

## હસ્તકલા સેતુ યોજનની ઉપ્લબધિઓ

- ૩૩,૦૦૦ થી વધુ કારીગરોનો સંપર્ક (પહોંચ) કરવામાં આવેલ છે.
- ૨૦,૦૦૦ થી વધુ કારીગરોની નોંધણી કરવામાં આવેલ છે.
- ૨૦,૦૦૦ થી વધુ કારીગરો ઉદ્યોગસાહસિકતા તાલીમ અને ડિઝાઈન- પ્રોડક્ટ ડેવલપમેંટ સ્કિલ ટ્રેનિંગ આપવામાં આવેલ છે.
- ૫૭૦૦ થી વધુ કારીગરોનું લોન અને સબસીડી આધારિત સરકારી યોજનાઓ સાથે જોડાણ કરી તેનો લાભ કારીગરો સુધી પહોંચાડવામાં આવેલ છે.
- હસ્તકલા સેતુ દ્વારા કારીગરોએ રૂ. ૫૬.૬૭ કરોડની પ્રોડક્ટ્સનું વેચાણ કરવામાં આવેલ છે.

HASTKALA SETU
कर्मशिल्पस्य वैभवगामिनी
A Government of Gujarat Initiative

Media Partner
દિવ્ય ભાસ્કર